ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
મંગળવાર ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

**મહત્તમ આદિવાસી વસતી ધરાવતું ગામ, જ્યાં વિવિધ સમાજના લોકો ધોડિયા પટેલ, કોળી પટેલ, હળપતિ, પાટીદાર, નાયકા, આહિર વગેરે ભાઈચારાથી રહે છે**



ટાઉન ટૉક

# ચીખલી તાલુકાથી દક્ષિણે આશરે 10 કિમીના અંતરે ખરેરા નદીના કાંઠે વસેલું સમૃદ્ધ ગામ એટલે

# ઘેજ

ચીખલી તાલુકાના સૌથી મોટાં ગામો પૈકી લોકમાતા ખરેરા નદીના તટે આવેલું સુવિધાઓથી સજ્જ એવું ગામ ઘેજ છે. ખેતીવાડીથી સમૃદ્ધ ચારેતરફ હરિયાળી ધરાવતા ઘેજ ગામના લોકો મુખ્યત્વે ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તાલુકા મથક ચીખલીથી દક્ષિણ તરફ દસેક કિલોમીટરના અંતરે આવેલું ઘેજ ગામ વિસ્તાર અને વસતીની દૃષ્ટિએ ખૂબ અગ્રેસર છે. તાલુકાના સૌથી મોટા રૂમલા, સાદકપોર સાથે ઘેજ ગામનો સમાવેશ થાય છે. ઘેજ ગામમાં મહત્તમ વસતી આદિવાસી સમાજ (એસટી)ની છે, અને તમામ સમાજના લોકો ભાઈચારાથી હળીમળીને રહેતા આવ્યા છે. ઘેજ ગામ એટલું વિશાળ છે કે ગામના પૂર્વથી પશ્ચિમ છેડા વચ્ચેનું અંતર પાંચેક કિલોમીટરનું છે, જેમાં પૂર્વ તરફ ખેરગામ તો પશ્ચિમ તરફ વલસાડ તાલુકા-જિલ્લાની હદ આવેલી છે. ગામમાં ભરડા ફળિયા, વાંઝરી ફળિયા, નાના ડુંભરિયા, મોટા ડુંભરિયા ગામતળ હળપતિવાસ, છત્તરિયા, ભવાની ફળિયા, પટેલ ફળિયા, પહાડ ફળિયા, ઝાડી ફળિયા, ખુશાલ ફળિયા, બીડ નાયકીવાડ, શામળ ફળિયા, વાળંદ ફળિયા, દુકાન ફળિયા, માહ્યાવંશી ફળિયા, નવા ફળિયા, કણબીવાડ, ગોડાઉન ફળિયા, નવા નગર, ભરડા ટેકરા ફળિયા, નિશાળ ફળિયા, તળાવ ફળિયા, ભગત ફળિયા, વાડી ફળિયા, વીટા ફળિયા સહિતનાં નાનાં-મોટાં 25થી વધુ ફળિયાંમાં મુખ્યત્વે ધોડિયા પટેલ, કોળી પટેલ, હળપિત, પાટીદાર, નાયકા પટેલ, આહિર, દરજી, માહ્યાવંશી સહિતના વિવિધ સમાજના લોકો વસવાટ કરે છે......



જળ સંચયની કામગીરી-ભરડા ફળિયા

## ગામની ભૌગોલિક માહિતી

■ વોર્ડ-૧૨ ■ બુથ-૮ ■ વસતી (૨૦૧૧ મુજબ)-૮૩૫૮ ■ પુરુષ-૪૨૧૮ ■ સ્ત્રી-૪૧૪૦ ■ કુલ તળાવ-૬ -ગાંગડિયુ, કોઠી, ડાભળિયુ, જીવુ, દમલુ અને ઢેલ તળાવ ■ ગામનો કુલ વિસ્તાર-૧૬૭૧-૬૬-૨૯ ■ ખેડાણ વિસ્તાર-૧૫૨૦-૪૯-૮૮ ■ ગોચર વિસ્તાર-૧૯-૫૩-૨૦

## સરપંચ રાકેશભાઈ, ડે.સરપંચ ગૌરાંગભાઈ, તાલુકા પંચાયત સભ્ય દીપ્તિબેન પટેલ



■ **સરપંચ**
રાકેશભાઈ નટુભાઈ પટેલ



■ **ઉપસરપંચ**
ગૌરાંગભાઈ સોલંકી



■ **તાલુકા પંચાયત**
સભ્ય દીપ્તિબેન

■ **સભ્યો**-પારૂલબેન ભીખુભાઈ પટેલ ■ અનિતાબેન સંજયભાઈ પટેલ ■ કલાબેન રાકેશભાઈ પટેલ ■ ધીરૂભાઈ છોટુભાઈ આહીર ■ રમેશભાઈ નગીનભાઈ પટેલ ■ ભાવિન દિનેશભાઈ પટેલ ■ નયનાબેન મુકેશભાઈ પટેલ ■ ઉવશીબિન આશિષભાઈ પટેલ ■ ઉજ્જવલ સુબોધભાઈ પટેલ ■ ભરતભાઈ મોહનભાઈ પટેલ ■ સંગીતાબેન સુનીલભાઈ પટેલ ■ **તલાટી કમ મંત્રી**-જયેશભાઈ પટેલ ■ **એડિશનલ તલાટી**-દિવ્યાંગભાઈ ■ **રેવન્યુ તલાટી**-હર્ષભાઈ પટેલ ■ **ગ્રામસેવક**-મયૂરીબેન ઠાકોર ■ **તાલુકા પંચાયત સભ્ય**-દીપ્તિબેન અંકુરભાઈ પટેલ

## પાર્થ પટેલ ઉર્ફે બીટ્ટુ ક્રિકેટ ક્ષેત્રે જાણીતો



ઘેજ ગામમાં વાંઝરી ફળિયા, દુકાન ફળિયા અને ભરડામાં બે મળી ચારેક જેટલા ક્રિકેટનાં મેદાનો પણ છે અને સિઝન દરમિયાન અનેક નાની-મોટી ક્રિકેટ ટુર્નામેન્ટ્સ પણ યોજાતી રહે છે. ગામના યુવા ક્રિકેટરો નવા ફળિયાના પાર્થ શૈલેષભાઈ પટેલે ક્રિકેટ ક્ષેત્રે સારી એવી નામના મેળવી છે. બીટ્ટુના હુલામણા નામથી ઓળખાતો પાર્થ પટેલ રાજ્યના અનેક જિલ્લાની, વિસ્તારની ટીમોમાં પસંદગી પામતો હોય છે. હાલ તે વિદેશમાં પણ તેના ક્રિકેટનું કૌવત દાખવી રહ્યો છે.

## ઘરઆંગણે બેંકની સુવિધા



ઘેજ ગામમાં બીજી સુવિધા જોઈએ તો પાટીદાર મહોલ્લામાં વર્ષોથી બરોડા ગુજરાત ગ્રામીણ બેંક કાર્યરત છે. ઉપરાંત વાળંદ ફળિયામાં ગામનું એકમાત્ર એટીએમની પણ સુવિધા હોય લોકોને ઘરઆંગણે બેંકની સુવિધા પણ ઉપલબ્ધ છે. ગામમાં પોસ્ટ ઓફિસ પણ છે. ઘેજ ગામમાં મોટા ડુંભરિયા, ભરડા, બખાર ફળિયા, નાના ડુંભરિયામાં અંતિમધામની પણ વ્યવસ્થા છે. તો ચરી ગામના લોકો સંચાલિત ચીડી ખાડી પર ભવાની ફળિયા પાસે આવેલા અંતિમધામનો પણ ગામના કેટલાક વિસ્તારના લોકો ઉપયોગ કરી રહ્યા છે.

## ઘેજ ગામમાં શિક્ષણની સુવિધા





ઘેજ ગામમાં માળખાગત સુવિધાની વાત કરીએ તો પાયાના શિક્ષણ માટે ગામતળ, વાંઝરી ફળિયા, વાળંદ ફળિયા, નાના ડુંભરિયા, મોટા ડુંભરિયા, નવાનગર, પહાડ ફળિયા, છત્તરિયા ફળિયા સહિત 11 જેટલી આંગણવાડીઓ છે. જ્યારે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત 9 જેટલી પ્રાથમિક શાળાઓ કાર્યરત છે, ઘેજ દુકાન ફળિયા પ્રાથમિક શાળા કે જે કેન્દ્ર શાળા છે અને જેમાં બાલવાટિકાથી 9મા ધોરણમાં કુલ 106 જેટલા વિદ્યાર્થીઓ વચ્ચે આચાર્યા હેમાબેન પટેલ સહિત પાંચ જેટલા શિક્ષકો ફરજ બજાવે છે. આ કેન્દ્ર શાળા અદ્યતન મકાન, પ્રવેશદ્વાર, હોલ, બગીચા સાથે સજ્જ છે. આ ઉપરાંત આઠમાં ધોરણ સુધીની વાંઝરી ફળિયા પ્રાથમિક શાળામાં 63 જેટલા વિદ્યાર્થી વચ્ચે આચાર્યા નયનાબેન પટેલ સાથે પાંચ જેટલા શિક્ષકો, બીડ પ્રાથમિક શાળામાં 90 વિદ્યાર્થીઓ વચ્ચે આચાર્ય ભીખુભાઈ પટેલ સાથે પાંચ શિક્ષકો, નાના ડુંભરિયા શાળામાં 37 જેટલા વિદ્યાર્થીઓ વચ્ચે આચાર્યા ભારતીબેન સહિત ચાર જેટલા શિક્ષકો છે. આ ઉપરાંત ભરડા, પહાડ ફળિયા, ખુશાલ ફળિયા, ઝાડી ફળિયા અને ગામતળ પાંચ ધોરણની શાળા સાથે કુલ નવ પૈકી મોટા ભાગની શાળાઓમાં મહત્તમ શાળાઓમાં ભૌતિક સુવિધાઓ જોવા મળી રહી છે. ગામમાં વર્ષ-1978માં સ્થાપવામાં આવેલી ઘેજ વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રી રતનજી ઉકાભાઈ પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ કાર્યરત છે. ધોરણ-9થી 12ની આ શાળામાં હાલ 129 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને આચાર્ય સહિતની ૧૦ જેટલા શિક્ષકોનો સ્ટાફ છે. હાલ ખાનગી શાળાઓમાં ધસારા વચ્ચે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાની સ્થિતિમાં સંસ્થાના પ્રમુખ એવા હાઈસ્કૂલના નિવૃત્ત આચાર્ય અને આચાર્ય સંઘના પૂર્વ પ્રમુખ મોહનભાઈ છોટુભાઈ પટેલ સંસ્થાને ટકાવવા દિવસ-રાત મહેનત, સંઘર્ષ સાથે અવિરત કાર્યરત છે અને તેમની સાથે મંડળના ધર્મેશભાઈ સહિતના સભ્યોની રજૂઆતને પગલે વિસ્તારના ધારાસભ્ય અને રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ દ્વારા આદિજાતિ વિભાગમાંથી 20 કન્યા માટે કન્યા છાત્રાલયની મંજૂરી અપાવવામાં આવતાં હવે કન્યા છાત્રાલય શરૂ થતાં સંસ્થાને નવી મંજૂરી મળવા પામી છે. સંસ્થાના પ્રમુખ મોહનભાઈ નિવૃત્ત આચાર્ય હોવા સાથે સ્ટાફના અથાક પ્રયત્નો વચ્ચે શિક્ષણના સ્તરમાં મોટો સુધારો થયો છે.ગામના વિદ્યાર્થીઓને ઘરઆંગણે હાઈસ્કૂલનું શિક્ષણ મળી રહે એ માટે દાતાઓના સહયોગથી, સેવાભાવી સંસ્થાઓના માધ્યમથી સંસ્થાના પ્રમુખ મોહનભાઈ પટેલ સમય સાથે આર્થિક યોગદાન આપી આગવી સેવા બજાવી રહ્યા છે અને તેના દ્વારા સારાં પરિણામો જોવા મળી રહ્યાં છે.



**મોહનભાઈ પટેલ - પ્રમુખ, ઘેજ વિભાગ કેળવણી મંડળ**

## પંકજભાઈ પટેલ હળદરના ધંધા થકી આપે છે સ્થાનિકોને રોજગાર



ઘેજ ગામના દુકાન ફળિયાના પંકજભાઈ પટેલ હળદરના ધંધામાં નામના મેળવી ઘરઆંગણે લોકોને રોજગારી પણ આપી રહ્યા છે. દુકાન ફળિયાના પંકજભાઈ કે જેમણે દસેક વર્ષ પૂર્વે નાના પાયે હળદર ખરીદી તેને સૂકવી પાઉડર બનાવી વેચાણ કરવાની શરૂઆત કરી હતી. આજે હળદરના વેપારમાં તેમનું ટર્ન ઓવર અંદાજે દોઢથી બે કરોડ રૂપિયાના આરે પહોંચ્યું છે અને તેમનો ધંધો મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક સહિતનાં અન્ય રાજ્યોમાં પણ પહોંચ્યો છે. ગામમાં પણ તેઓ દરવર્ષે ૫૦૦ મણથી વધુ લીલી હળદર ખરીદી તેને સૂકવી દળી પ્રોસેસ કરી પાઉડર બનાવી રહ્યા આ(છે અને જેમાં ગામના પંદરેક જેટલા લોકોને આખા સિઝન દરમિયાન ઘરઆંગણે રોજગારી મેળવી રહ્યા છે. પંકજભાઈ દ્વારા હળદર સાથે હવે અન્ય પ્રોડક્ટની પણ શરૂઆત કરવામાં આવી છે.

## મશરૂમની ખેતીમાં સફળતા મળતાં સીતાબેનનું મુખ્યમંત્રીએ સન્માન કર્યું હતું

ઘેજ ગામના પટેલ ફળિયાનાં મહિલા ખેડૂત સીતાબેન પ્રવીણભાઈ પટેલને મશરૂમની ખેતીમાં સફળતા માટે મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સીતાબેને ૨૦૨૨થી નાના પાયે મશરૂમની ખેતીની શરૂઆત કરી હતી. તેમની ઓછી મૂડીમાં કંઈક નવું કરી આવક મેળવવાના દ્રઢ મનોબળ અને સાહસિકતા વચ્ચે તેઓ ૨૦૨૬ના વર્ષમાં સારું ઉત્પાદન મેળવવામાં સફળ રહ્યાં હતાં. જેથી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સીતાબેનનું સન્માન કરવામાં આવતાં ગામજનોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

## પશુપાલકો મેળવે છે ઘરઆંગણે પશુ ઉછેરના વ્યવસાય થકી રોજગારી

ઘેજ ગામમાં ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય પણ ફૂલ્યોફાલ્યો છે અને ગામના પશુપાલકો ઘરઆંગણે પશુપાલનના વ્યવસાય થકી રોજગારી મેળવી રહ્યા છે. ગામમાં વસુધારા ડેરી સંચાલિત ઝાડી ફળિયા, ખુશાલ ફળિયા, વાંઝરી ફળિયા, નાના ડુંભરિયા, મોટા ડુંભરિયા, ગોડાઉન ફળિયા, દુકાન ફળિયા, ભરડા ફળિયા, વાળંદ ફરિયા, બીડમાં સહકારી દૂધમંડળીઓ આવેલી છે, જેમાં ઝાડી ફળિયા સ્થિત સહકારી દૂધમંડળીના દૈનિક 1100થી 1200 લીટર જેટલા દૂધની આવક થાય છે. આ મંડળીમાં ચેરમેન પદે પૂર્વ સરપંચ ખંડુભાઈ સોમાભાઈ પટેલના પુત્રવધૂ ભાનુબેન અનિલભાઈ પટેલ અને મંત્રી પદે ગણેશભાઈ ધીરુભાઈ પટેલના સફળ સંચાલન અને પારદર્શક વહીવટને પગલે તેઓ પશુપાલકોનો વિશ્વાસ સંપાદન કરવામાં સફળ રહ્યા છે. જેના પગલે આજુબાજુના અનેક પશુપાલકોને ઘરઆંગણે આવક પ્રાપ્ત કરવાનો લાભ મળી રહ્યો છે. ગામમાં ૧૦ જેટલી દૂધ ઉત્પાદક સહકારી મંત્રીઓમાં દૈનિક 4,634 લીટર દૂધની આવક સાથે દૈનિક બે લાખ રૂપિયાની આસપાસનું ટર્નઓવર થાય છે.

